સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

આપવા ન હોય તો અનામત રહે છે ચૂકાદા !
લાગુ ન પડે એવા, સલામત હોય છે ચૂકાદા !
બહુમતે, બુદ્ધિ વડે, રાખે પગ, દહીં-દૂધમાં -
ગમ ન પડે એવા, કલાત્મક હોય છે ચૂકાદા...

હાઈકુ

લાગ્યો છે રંગ,
ન્યાયખાતાં ને પણ
રાજકારણી...

ધણી ન ધોરી,
તરફડે ચૂકાદા -
અમલ માટે...

ચિંતન

અનાદાનવિસર્ગાભ્યામીષન્નાસ્તિ ક્રિયા મુનેઃ ।
તદૈકનિષ્ઠયા નિત્યં સ્વાધ્યાસપનયં કુરુ ॥

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

ન કાંઈ લેવાનું કે ન છોડવાનું તેનાથી મુનિએ જરાયે ક્રિયા કરવાની હોતી નથી, માટે નિત્ય એકનિષ્ઠાથી પોતાના અધ્યાસને દૂર કર.

હું કરું છું, હું ત્યાગ કરું છું વગેરે સર્વક્રિયાના બંધનો જ મનુષ્યને બાંધે છે. જૈનધર્મની જેમ કોઈ પણ ક્રિયાના બંધનમાં બંધાયા વિના જ નિર્લેપ, અકર્મ રહી નિત્યમાં એકનિષ્ઠ રહી તટસ્થભાવે રહેવું જોઈએ.

સુવિચાર

- દિવ્ય સંગીત આપણી અંદર સતત ચાલતું જ હોય છે, પણ આપણી ઈન્દ્રિયો એવો ઘોંઘાટ કરે છે કે આપણને એ સંભળાતું નથી - **ગાંધીજી**
- ધન પર ટ્રસ્ટ (વિશ્વાસ) મૂકશો નહિ, ધનને જ ટ્રસ્ટમાં મૂકજો - **બર્નાડ શો**
- ફિલસૂફી એટલે ન ઊકલે એવા પ્રશ્નોના ન સમજાય એવા જવાબો - **હેન્રી આદમ્સ**
- મત-દાન એ મત દ્વારા જવાબદારીનું દાન છે - **વિન્સ્ટન ચર્ચિલ**
- જે લખી ને તેની નીચે તમે તમારી સહી કરવાના ન હો તેવું કદી બોલો નહીં - **જનકલ્યાણ**
- તમે નિરાસ થઈ શકો છો ત્યાં લગી તમે યુવાન છો - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : મેથી અને સુવા સરકે ભાગે લઈ શેકીને મુખવાસમાં નવશેકા ખાવાથી આફરો, ઓડકારમાં તરત રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક માણસને ઈશ્વરના દર્શન કરવાની ઈચ્છા થઈ. તે એક સંત પાસે ગયો અને કહ્યું, 'આપ મને ભગવાનના દર્શન કરાવો.' સંતે કહ્યું, આવતીકાલે સવારે અહીં આવજો, આપણે બેવ સાથે સામેનો પ્હાડ ચડવાથી તમને હું ઈશ્વરના દર્શન કરાવીશ. બીજા દિવસે તે માણસ સંત પાસે પહોંચ્યો. સંતે કહ્યું, 'આ પોટલી માથે ઊપાડી લો.' થોડાક ચઢાણ પછી પેલા માણસને પોટલીનો ભાર લાગવા લાગ્યો. એટલે સંતે કહ્યું, 'આ પોટલીમાં પાંચ મોટા પથ્થર છે તેમાંથી એક કાઢીને ફેંકી દો.' આમ કરવા છતાં થોડા આગળ વધવામાં પેલો માણસ ફરી થાકી ગયો. એટલે વારા ફરથી સંતે બાકીના બધા પથ્થરો ફેંકાવી દીધા. હવે પેલો માણસ ઝડપથી ટેકરીની ટોચ પર પહોંચી ગયો. અને તેણે સંતને ભગવાનના દર્શન કરાવવા વિનંતી કરી. સંતે કહ્યું, 'ભાઈ, પાંચ પથ્થરની પોટલી ઊઠાવી તું પહાડ પર ન ચડી શક્યો. તો અંતરમાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે અનેક પથ્થરો રાખી તું ઈશ્વરના દર્શન કેવી રીતે કરી શકે ?' પેલા માણસની આંખો ખૂલી ગઈ.

ગઠબંધનની તડજોડ વેગ પકડે છે

તંત્રીસ્થાનેથી...

ચંદ્રાબાબુ નાયડુ દક્ષિણ ભારત અને ઉત્તર ભારત વચ્ચે સમન્વય સાધી શકે એવા નીવડેલા નેતા છે. પોતે તબીબી ઉપાધિ ધરાવતા રાજનેતા છે અને દંતકથારૂપ એન.ટી.આર.ના જમાઈરાજ તેમજ રાકીય વારસદાર છે. એન.ટી. આર. એમના સમયના તેલુગુ ફિલ્મજગતના સુપરસ્ટાર હતા. એમણે પૌરાણિક ફિલ્મોમાં કરેલા અવતારી વિભૂતિઓના રોલને લીધે તેઓ આખા આંધ્રપ્રદેશમાં ભગવાનની જેમ પૂજાતા હતા. રાજીવ ગાંધીએ આંધ્રના તત્કાલીન મુખ્યમંત્રીનું જાહેરમાં અપમાન કરતાં આ લોકપ્રિય અભિનેતા સમસમી ઊઠ્યા હતા અને એમણે એ અપમાનનો બદલો લેવા માટે પ્રાદેશિક અસ્મિતાના મુદ્દા પર 'તેલુગુ દેશમ્' પાર્ટીની સ્થાપના કરી કોંગ્રેસનાં સૂપડાં સાફ કરી નાખ્યાં હતા. આ એક વિશિષ્ય રાજકીય ઘટના હતી, જેનો તેઓ રાષ્ટ્રીય કક્ષાએ વિસ્તાર કરી 'ભારત દેશમ્' જેવી વ્યાપક પાર્ટી બનાવવાની મંશા ધરવતા હતા. કમનસીબે એમનો એ ઈરાદો બર ન આવ્યો અને 'તેલુગુ દેશમ્' ફક્ત આંધ્રપ્રદેશની સીમાઓમાં પુરાયેલી પ્રાદેશિક પાર્ટી જ બની. એ પછી ગોદાવરીમાં અને કૃષ્ણામાં ઘણાં પાણી વહી ગયાં છે. આજે અખંડ આંધ્રપ્રદેશ પણ રહ્યો નથી. તેલંગાણા આંદોલનના પગલે હૈદરાબાદ સહિતના વિસ્તારો હવે નવા રચાયેલા તેલંગાણા રાજય સાથે જોડાયા છે. આંધ્રપ્રદેશના આ વિભાજનને કારણે કોંગ્રેસને પણ ઘણો ઘસારો પહોંચ્યો છે. વળી તેલંગાણા આંદોલનના નેતા ચંદ્રશેખર રાવ ઘણા મહત્ત્વાકાંક્ષી નેતા છે પરંતુ પોતાની મર્યાદાઓથી પણ સભાન છે. એટલે ચંદ્રાબાબુને જયારે કેન્દ્ર સામે વાંકું પડ્યું ત્યારે હરખપદૂડા થઈ તેઓ એનડીએના ઘટક પક્ષ તરીકે સક્રિય બની ગયા છે. ચંદ્રાબાબુ નાયડુ ભાંગ્યું તોય ભરૂચ છે. એમણે આગામી લોકસભાની ચૂંટણીમાં મોદી સામે બાથ ભીડી છે. તમામ બંધારણીય પ્રતિષ્ઠાઓ અને સીબીઆઈ જેવી એજન્સીઓથી લઈ અદાલતો સુધીની સ્વાયત્ત સંસ્થાઓ પર સકંજો કસવા કૃતસંકલ્પ કેન્દ્ર સરકારના મોભી વિરુદ્ધ તમામ વિપક્ષોને એક મંચ પર લાવવા માગતા ચંદ્રાબાબુ નાયડુએ મહારાષ્ટ્રના મજબૂત મરાઠા નેતા શરદ પવાર સાથે પણ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરીને ગઠબંધનને સાર્થક સ્વરુપ આપવાના શ્રીગણેશ કરી દીધા છે. રાહુલ ગાંધીની સાથે ચંદ્રાબાબુ એક મંચ પર આવે તેને સમયની બલિહારી ગણવી રહી. જે તેલુગુ દેશમની સ્થાપના રાજીવ ગાંધીની જોહુકમીના પ્રતિકાર તરીકે થયેલી તેના જ નેતા હવે રાહુલ ગાંધી સાથે ખભેખભો મિલાવી મોદીન ઊખાડી ફેંકવા મેદાન પડશે. રાજકારણની આ જ તો કઠોર વાસ્તવિકતા છે. અહીં કોઈ કાયમી મિત્ર નથી હોતું તેમ કાયમી દુશ્મન પણ નથી રહેતું. ચંદ્રાબાબુ વાજપેયી સરકારમાં મહત્ત્વના પ્રાદેશિક સાથીદાર હતા. મમતા બેનરજી પણ એવાં જ અગત્યના સહયોગી હતા. શરદ પવાર તો મહત્વનાં ખાતાં સંભાળતાં જ રહ્યા છે.આ બધા પ્રાદેશિક ક્ષત્રપો આજે મોદીની સામે એક મંચ પર આવી રહ્યા છે. બિહારમાં નીતીશકુમારની શરતોએ સમાધાન ફોર્મ્યુલા પર આવનાર ભાજપ સામે રામવિલાસ પાસવાન અને ઉપેન્દ્રસિંહ કુશવાહા નારાજ છે. આગામી દિવસોમાં હજી ઘણી વધારે ઉથલપાથલ જોવા મળશે.

યે દોલત ભી કયા ચીઝ હૈ... જીસકે પાસ જીતની ભી આતી હૈ... કમ હી લગતી હૈ

યે દોલત ભી કયા ચીઝ હૈ... જીસકે પાસ જીતની ભી આતી હૈ... કમ હી લગતી હૈ

- દીવાના

૧૯૯૨માં આવેલ રાજ કંવર દિગ્દર્શિત 'દીવાના' ફિલ્મમાં રિશીકપૂર, દિવ્યા ભારતી અને શાહરૂખખાન હતા. આ ફિલ્મના સંવાદ સાગર સરહદીએ લખ્યા હતા. ઉપરોક્ત સંવાદ ફિલ્મમાં વિલનનું પાત્ર નિભાવનાર અમરીશ પુરી બોલે છે. જે કપટથી રિશી કપૂરને મારીને તેની સંપૂર્ણ સંપત્તિ લઈ લેવા માગે છે. શાહરૂખ ખાનના શરુઆતના દિવસોની આ સુપરહિટ ફિલ્મ હતી. દિવ્યા ભારતી જેવી કમનસીબ ટેલેન્ટેડ અભિનેત્રી માટે પણ આ ફિલ્મ માઈલસ્ટોન બની રહી હતી, તો વળી તે સમયગાળામાં 'દામિની', 'દીવાના' જેવી સફળ ફિલ્મોમાં રિશી કપૂરે કામ તો કર્યું, પરંતુ ફિલ્મના બીજા ભાગમાં અનુક્રમે સની દેઓલ અને શાહરૂખ ખાન વાહવાહી લૂટી ગયા, તેમ રિશી કપૂર માટે આ ફિલ્મ કંઈ ખાસ ઉપયોગી ન બની રહી.

કહે છે ને કે ક્યારેક ખોટા વ્યક્તિ પાસેથી પણ સાચી વાત સાંભળવા મળી જાય છે, તેમ અહીં આ જીવનનું અમિટ સત્ય ભલે વિલનના મુખે બોલાયું છે. પરંતુ કાલજયી સત્ય છે. કાલજયી એટલા માટે કે, આવી જ ધન વિષયક વાત સૈંકડો વર્ષો પહેલા 'કઠોપનિષદ'માં આપણા ઋષિ-મુનિઓ દ્વારા કહેવાઈ ચૂકી છે.

'ન વિત્તેન તર્પણીયો મનુષ્યઃ'
- કઠોપનિષદ

'ન વિત્તેન તર્પણીયો મનુષ્યઃ'
– કઠોપનિષદ

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

- મનુષ્ય ધનથી ક્યારેય તૃપ્ત થતો નથી.

સંસ્કૃત સાહિત્ય વૈદિક સાહિત્ય અને લૌકિક સાહિત્ય એમ બે પ્રકારે વહેંચાયેલું છે, જેમાંથી વૈદિક સાહિત્યમાં વેદ-ઉપનિષદ-બ્રાહ્મણ ગ્રંથો વગેરે આવે છે, અને લૌકિક સાહિત્યમાં કાલિદાસ-ભાસ-ભારવિ વગેરે રચિત કૃતિઓનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત પંક્તિ 'કઠોપનિષદ' માંથી લેવામાં આવી છે.

ઈશ-કેન-કઠ-માંડૂક્ય-મૂંડક-પ્રશ્ન-ઐતરેય-તૈત્તિરીય-છાંદોગ્ય-બૃહદારણ્યક-શ્વેતાશ્વર-કૌષીતિકી - અને મૈત્રાયણી જેવા ૧૧ ઉપનિષદ પર ભગવાન શંકરાચાર્યના ભાષ્ય મળી આવે છે.

બાકી ધન વિશેની હજારો વર્ષો પહેલાની વાત કે પછી ૧૯૯૨ની સાલમાં કહેલી વાત - આગામી બીજા હજારો વર્ષો સુધી સનાતન સત્ય બની રહેવાની છે એ નક્કી છે.

મહાત્મા અને સરદાર : અસરદાર વ્યક્તિત્વની ધરોહર

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

સરદાર અને મહાત્મા ગાંધીના સંબંધો એટલે અસરદાર સંબંધો. એમના સંબંધોની સુવાસ હરહંમેશ રહેશે. જયાં સુધી ગાંધીજીના સંપર્કમાં સરદાર પટેલ ન હતા આવ્યા ત્યાં સુધી ગાંધીજીની આકરી ટીકાથી સરદાર ચૂક્યા ન હતા. આખા બોલા અને સીધુ સટ કહેનારા અને કરનારા પાટીદાર બેરિસ્ટર વલ્લભભાઈ પટેલ જયાં સુધી ગાંધીજીના સંપર્કમાં આવ્યા ન હતા ત્યાં સુધીની વાત નોખી હતી. પરંતુ જયારે એકબીજાના સંપર્કમાં આવ્યા પછી એ સહવાસ આજીવન અખૂટ રહ્યો.

બેરિસ્ટર સરદારે તો ગાંધીજીના અનેક વિચારોને ફક્ત શાબ્દિક સૌંદર્ય અને નરી કલ્પના સિવાયનું કશું નહીં એમ કહીને મજાક વખતોવખત કરી છે. અમદાવાદની સ્પોર્ટસ કલબમાં જયારે ગાંધીજીનું વ્યાખ્યાન હતું ત્યારે એ સાંભળવા જવા માગતા યુવા વકીલોને મો.ક. ગાંધીની મજાક કરતા કરતા કહેતા કે 'એ તમને ઘઉંમાંથી કાંકરા કેમ વીણવા ? એની જ વાત કરશે.'

૧૯૧૫માં ગાંધીજી જયારે દક્ષિણ આફ્રિકામાં રંગભેદ સામે



સફળ લડત કરીને સ્વદેશ પરત ફર્યા હતા ત્યારે આઝાદી ઝંખતા ભારતીય પ્રજાએ ગાંધીજીને મહાત્માના બિરુદથી નવાજયા હતા. ગાંધીજીએ ભારત ફર્યાના માત્ર એક જ મહિનાના ટૂંકાગાળામાં આ બિરુદ મેળવ્યું હતુ પરંતુ એ સમયે સરદારે એવી ટીકા કરી હતી કે 'આપણે ત્યાં મહાત્માઓ બેસુમાર છે.' - અલબત્ત સરદાર સાહેબે જો કે એક ઓર મહાત્માનો વધારો એવી બાપુની પાછળ પડી ગયા હોઈ એવી ટીપ્પણી ન હતી કરી. આમ તો સરદારનો સ્વભાવ જ એવો હતો કે કોઈ પણ ઘટના, પ્રસંગ કે વ્યક્તિ વિશેષ વિશે વ્યક્ત થઈ જવાનું પણ એની પાછળ લાગી નહીં પડવાનું.

આમ તો ઓકટોબર મહિનામાં જ જન્મેલા આ બંને મહાનુભાવો મોહન અને વલ્લભ વચ્ચેના સંબંધમાં ઓકટોબર મહિનો જ સાક્ષી પૂરે છે. ગાંધી-સરદાર વચ્ચેના સંબંધનો સેતુ વર્ષ ૧૯૧૬નો ઓકટોબર મહિનો જ બન્યો હતો. અંગ્રેજ શાસન સામે રાજયની પ્રજાની જે નારાજગી અને લોક ફરિયાદ હતી તેને રજૂ કરવાના આશયથી 'ગુજરાત સભા' નામની સંસ્થાની સ્થાપના થઈ હતી. આ સંસ્થાએ તત્કાલીન દ્વિભાષી રાજયના મુંબઈ પ્રાંતની રાજકીય પરિષદનું યજમાન પદ સ્વીકાર્યું હતું. આ સભામાં મંચસ્થ મહાનુભાવોમાં ગાંધીજીનું સ્થાન પણ હતું. વલ્લભભાઈ પટેલને જયારે આ પરિષદમાં ગયા ત્યારે મંચ પરના મહાનુભાવોમાં મહાત્મા ગાંધીને જોયા ત્યારે રંજ સાથે આશ્ચર્ય થયું હતું. (સરદાર સાહેબ ખુદ આમ આમ કહે છે) પરંતુ એ સભામાં અંગ્રેજ શાસન સામે એકવડીયા બાંધાના - સૂકલકડી એવા ગાંધીએ જે ઠરાવ રજૂ કર્યો તેની રજૂઆત, અવાજ, ભાષામાં રહેલી ગંભીરતા અને સત્યનો રણકાર સરદાર સાહેબને સ્પર્શી ગયો.

એક સમયે ગાંધી તો શિક્ષિતોને ચક્કી કેવી રીતે પીસવી જોઈએ ? કે ઘરના સંડાસો કેવી રીતે સાફ કરવા જોઈએ? - એવા ગાંધી વિચારોને તેજસ્વી વિચારો ગણીને વ્યંગબાણો છોડતા રહેલા સરદાર સાહેબને ગાંધીજીની સાદગી, સત્ય પ્રિયતા સ્પર્શી ગઈ હતી. ગાંધીની સૌમ્ય અને સરળતા સામેની તર્કયુક્ત રજૂઆત ફોજદારી કેસોના આ માસ્ટર વકીલ સાહેબના માનસપટ ઉપર છવાઈ ગઈ હતી. આ ઘટના ૧૯૧૬ ઓકટોબર મહિનાની હતી.

આમ પણ સરદાર પટેલ વકીલમિત્રો સાથે રહીને પત્તા રમવાથી કે અંગ્રેજ સરકાર સામે એકલ દોકલ કેસ લડી જીતીને ગુલામ ભારતીય પ્રજાની સેવા ન થઈ શકે એમ સ્પષ્ટ હતા. 'કલબમાં બેસીને લોકસેવા ન થઈ શકે' - એવી વૈચારિક દલીલ પણ ગાંધીજીની સાથે સંધાન સાધવા તરફ લઈ જતી હતી.

'ગુજરાત સભા'ના એક જ કાર્યક્રમ થકી ગાંધીજી વિશેના વિચારોમાં મોટું પરિવર્તન આવ્યું હતું. ગાંધીજીનો ઓકટોબર મહિનામાં અમદાવાદ આવ્યા એ પછી બિહારના ચંપારણના ખેડૂતો પરના ગળીના ડાઘને દૂર કરવા માટે ૧૯૧૭ના જાન્યુઆરી મહિનામાં ચંપારણ પહોંચી ગયા હતા. ત્યાં અંગ્રેજ નીલવરો સામે સત્યાગ્રહની લડતની શરુઆત કરી હતી. એ સમયે અંગ્રેજ સરકારે ગાંધીજીને ચંપારણ છોડી જવાનો હુકમ કર્યો હતો. ગાંધીજીએ 'પંચારણ છોડી જવાનું શક્ય નથી અને હુકમના અનાદર બદલ જે સજા કરવામાં આવે તે સ્વીકાર્ય હોવાની સાથે પોતાના આત્માના અવાજ સમાન માનવ જીવનમાં વધારે ઊંચા કાયદાનું મારે પાલન કરવાનું છે.' એવો પ્રત્યુત્તર વાળ્યો હતો.

ગાંધીજીના આત્માના અવાજનો રણકાર ચંપારણથી છેકે છેડે પશ્ચિમ ભારતના અમદાવાદમાં રહેલા સરદાર પટેલ સુધી પહોંચી ગઈ. ગાંધીજીના આ જવાબે સરદાર પટેલ ઉપર ભારે અસર કરી. ગાંધી પ્રત્યેનો તુચ્છકાર અને તિરસ્કાર સરદારના મનમાંથી તદન અદૃશ્ય થઈ ગયો. અને વૈશ્વિક કક્ષાએ સરદાર ગાંદીના સહિયારા વિચાર દોહનથી સ્વાધીન ભારતના વિવિધ પ્રજાકીય લડતો અને આંદોલનનો પાયો નંખાયો એની વિગતો આપણે આગળ ઉપર જોઈશું.

હિન્દીના પ્રસિદ્ધ કવિ હરિવંશરાય બચ્ચને સરદાર પટેલને સુંદર મજાની અંજલિ કવિતા થકી આપી છે. તેને જોઈને લેખનું સમાપન કરીએ. ઈષ્ઠ શ્રી બચ્ચન સરદારને મૂલવતા લખે છે :

'હરેક પક્ષકો પટેલ તૌલતા,
હરેક હેદ કો પટેલ ખોલતા
દુરાવ યા છિપાવસે ઈજે ગરજ ?
કઠોર નગ્ન સત્ય બોલતા !
પટેલ હિંદ કી નીડર જબાન હૈ.'

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

દીપાવલીનું પરમ પર્વ

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

દીપાવલીનું પરમપર્વ એટલે ઉજાસ, ઓજસ અને ઔદાર્યનો ત્રિવેણી સંગમ ! દિપાવલી એટલે દીપના પ્રાગટ્ય ઉત્સવનું, જયોતિનો સુવર્ણ કળશ લઈ ઝળહળતો પ્રકાશ રેલાવતું, અમાસના ઘોર અંધકારમાંથી પૂનમના પૂર્ણ ધવલ પ્રકાશ તરફ પ્રયાણ જુસ્સો પ્રસરાવનાર અને માનવીના સમગ્ર અસ્તિત્વને આનંદવિભોર કરનારું એક અનોખું અને પુનિત પર્વ ! દીપાવલિ એટલે આપણા ભીતરમાં અભરે ભરેલ અજ્ઞાનરૂપી ઘોરઅંધકારને ખોબલે ખોબલે ઉલેચીને, જ્ઞાનરૂપી ઉજાસ પાથરી, થનગનાટનો અજવાસ ભરીને જીવનને ઉન્નત-ઉજળા જળહળતી સોનેરી સવાર અને નૂતનપર્વના નવતર પ્રકાશના કિરણોના પુંજ તરફ ગતિમાન કરાવતું અભિનવ પર્વ ! 'ગમે તેવાં' અતીતને - ગઈ ગુજરીને ભૂલીને નવી ઉગનાર 'આવતીકાલ' - 'નૂતન વર્ષ' માટે 'આજ' ને ઉજ્જવળ બનાવવાનું આહ્વાન !

આ લેખ જયારે આપશ્રીના કરકમળમાં શોભાયમાન હશે ત્યારે, આપશ્રી અને સર્વે આબાલવૃદ્ધ નરનારીએ, અમાસના ઘોર અંધકારમાંથી પૂનમના પૂર્ણ ધવલ પ્રકાશ તરફ પ્રયાણ કરવાની ઉમદા ગતિવિધી અપનાવીને, દીપાવલિના પુનિત પર્વને હર્ષોલ્લાસથી આવકારતાં પોતાની શક્તિ અનુસાર તડામાર તૈયારીઓ આરંભીને, મધમધતી મીઠાઈઓ અને અવનવા સાજ-શણગારની અને મોજશોખની ચીજવસ્તુઓની ખરીદી પૂર્ણ કરીને ; ગત સમય કરતાં આવનાર સમય વધારે સુખમય - ઊજળો નીવડે, સંસારનાં અતિ કપરાં ચઢાણ હેમખેમ પાર ઊતરે અને આ અસાર સંસાર, સારમય - અમૃતમય અને જીવ્યું જીવતર લેખે લાગે તે માટે અવનવા, અતૂટ અને અખૂટ સંકલ્પો - વિકલ્પોની વણથંભી વણઝાર લઈને જીવનની સાર્થકતાની કેડી પર પદાર્પણ કરી, આગળ પ્રયાણ કરવાના આંતરમનસુબા પણ સેવ્યા હશે ! વર્ષભર માટેનાં સોનેરી સમણાં સજાવીને, તેને નવલા વર્ષથી નવપલ્લવિત કરી, તેને મૂર્તિમંત કરવાના ઉછળતા કોડ હૈયે ભરીને, તે તરફની અડગ કૂચ પણ આરંભી દીધી હશે ! જે યથાયોગ્ય અને જરૂરી પણ છે.

પરંતુ, આ બધા માટે સૌ પ્રથમ તો ખૂબ જ જરૂરી છે. 'Good Attitude' - સારા વલણ - મનોવૃત્તિની. સારી મનોવૃત્તિ ('Good Attitude') ન હોય તો, જીવનમાં આવેલ કોઈ પણ તક કામમાં આવતી નથી. તક (Opportunity) તો કાયમ આપણા પગતળે જ દબાયેલી હોય છે; આથી તેને કયાંય પણ શોધવા જવાની બિલકુલ જરૂર નથી, ફક્ત તેને ઓળખવાની જ (to recognige ની જરૂર છે. 'તક' (Opportunity) આવીને ફક્ત એક જ વખત બારણા ખખડાવે છે. તક બીજી વખત આવે છે ખરી, પરંતુ તે આવનાર તક, કદાચ ઘણી સારી કે ઘણી ખરાબ પણ હોઈ શકે ! પરંતુ તે, પ્રથમ વખત આવેલી તક તો ન જ હોય ! યથાયોગ્ય - ખરા સમયે, સાચો નિર્ણય કરવો એ જ નિર્ણાયક અને ફલસ્વરુપ બની રહે છે. આથી જ ખોટા સમયે - અયોગ્ય સમયે લેવાયેલ સાચો નિર્ણય પણ કોટા નિર્ણયમાં પરિણી દુષ્પરિણામ લાવે છે અને પરિણામે ઈચ્છિત ફળ મળતું નથી ! આમ તક, ઝડપીને, યોગ્ય સમયે લેવાયેલ સાચો નિર્ણય જ ફળીભૂત થાય છે, જે આપણને દીપાવલીનાં શુભ પર્વો શીખવે છે. આ અમોલો મનખાદેહ અજવાળવા જીવનમાં 'હું' ને ત્યજીને, બાંધછોડની પહેલ કરીને, દરેક પ્રસંગે અવરને અનુરુપ થવા - સાનુકૂળ થવા પ્રયત્ન કરીએ અને મમત્વ છોડીને જતું કરવાની - શ્રમા બક્ષવાની ભાવના રાખવાની તથા કોઈને કયાંક ઉપયોગી ન થઈ શકીએ તો કંઈ નહીં, પરંતુ અન્યને કયાંક અડચણરૂપ-બાધારૂપ ન બનીએ, કોઈના જીવનના પવિત્ર યજ્ઞમાં સહાયનું સુગંધિત સમિધ ન હોમી શકીએ તો કંઈ નહીં, પરંતુ કોઈના જીવનના પવિત્ર હવનમાં અડચણનાં હાડકાં ન નાખીએ, એ આપણા દીપાવલિના તહેવારપુંજનો સંદેશ છે.

દીપોત્સવીના ટમટમતા - ઝળહળતા દીપની જયોતશિખામાંથી ફૂટતાં કોમળ કિરણો, તમામ પરિવારજનોના જીવનપથમાં પ્રસરીને, અજ્ઞાનરૂપી અંધકારને હઠાવી, જ્ઞાનરૂપી પ્રકાશ પાથરે અને સર્વેના હૃદયાકાશમાં દયા, પ્રેમ, પરોપકાર, માનવતા અને વસુદૈવ કુટુમ્બકમ્‌ની ઉદાત્તભાવના ફોરી ઊઠે તથા નૂતનવર્ષે સહુ ઉન્નતિનાં અવનવાં ઉચ્ચ શિખરો શર કરે અને સર્વેનું જીવન સેવામય, સુખમય, સમૃદ્ધિમય, શાંતિમય અને સુખાકારી ભર્યું આરોગ્યપ્રદ નિવડે તથા સર્વેના જીવનનમાં આનંદ, ઉત્સાહ અને ઉમંગનો દધિ હિલોળા લે, તેવી દધિ છલકતી શુભકામનાઓ સહ શુભ દીપાવલિ અને નૂતન વર્ષાભિનંદન !

- muljibhaidadhi@gmail.com
Mo. 9824236893

રૂમઝૂમ... ઠમાક દિવાળી આવે !

રૂમઝૂમ ઠમાક, રૂમઝૂમ ઠમાક દિવાળી આવે!
દીપ પ્રાગટ્યનો રમ્ય-રૂડો, અમોલ અવસર લાવે !
જ્યોતિકળશ ધરી કરમાં, પુનિત પ્રકાશ રેલાવે !
રૂમઝૂમ ઠમાક, રૂમઝૂમ ઠમાક દિવાળી આવે!

અમાસ અંધકાર ભેદી, ઝળહળતા દીપ પ્રગટાવે !
પાથરી જ્ઞાનનાં ઓજસ, અજ્ઞાનતિમિર હઠાવે!
અહંકારને છેદી, દયાને કરૂણાનો હેતુ ફરકાવે!
રૂમઝૂમ ઠમાક, રૂમઝૂમ ઠમાક દિવાળી આવે!

પ્રેરણાનાં પિયુષ પાઈ, જીવને અખૂટ જોમ જગાવે!
જીવનની ભૂલભૂલામણીમાં, સરળ રાહ બતાવે!
કંટકછાયા જીવનરાહમાં, કોમળપુષ્પો પથરાવે!
રૂમઝૂમ ઠમાક, રૂમઝૂમ ઠમાક દિવાળી આવે!

આસુરી તાકત હણીને, દૈવશક્તિ પ્રગટાવે !
ઊંચ-નીચના ભેદ ભૂંસી, સમાનતાસેતુ બંધાવે!
નૂતનવર્ષનાં દૈ રમ્ય વધામણાં નવલું પ્રભાત
ઉત્સાહ, ઉમંગ અને આનંદનો એ 'દધિ' છલકાવે !

– મૂળજીભાઈ પરમાર 'દધિ'